ગાંધીનગર સમાચાર
તા. ૩-૧૧-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

કોંગ્રેસ : ડૂબતી કિશ્તીને ખોજ તારણહારની

કોંગ્રેસની માઠી દશા બેઠી છે. હવે વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણીઓ પણ સમજી ગયા છે કે એકસો ત્રીસ વર્ષ જૂની આ કલાસિક પાર્ટીનો પુનરોદ્ધાર કરવાની જરૂર છે. સુન્દરમ્‌નું જાણીતું વાક્ય 'ઘણ ઉઠાવ' યાદ આવે છે. કશુંક નવસર્જન કરતાં પહેલાં જૂનું-પુરાણું તોડીફોડી નાખવાની તૈયારી રાખવી પડે છે : 'ઘણુંક ઘણું ભાંગવું - ઘણ ઉઠાવ મારી ભૂજા!' આજે કોંગ્રેસ એક એવી ખખડધજ ઇમારત છે જેને ધ્વસ્ત કર્યા વગર એનું પુનનિર્માણ શક્ય નથી. તેથી જયારે ગાંધી-નહેરૂ પરિવારના નેતૃત્વ સામે આંગળી ચીંધવામાં આવે છે ત્યારે અનાયાસ કંઇક એવું વિધાન નીકળી જાય છે જે એની પ્રાસંગિકતા સામે પ્રશ્નાર્થ ખડો કરી દે છે. પૂર્વ ગૃહમંત્રી અને નાણામંત્રી પી. ચિદંમબરે એવા જ કોઇ સવાલના જવાબમાં કહેવું પડ્યું કે પાર્ટીમાં નહેરૂ-ગાંધી પરિવારની વ્યક્તિ જ પ્રમુખ તરીકે રહે તે જરૂરી નથી. ભવિષ્યમાં આ પરિવાર બહારનો અન્ય કોઇ વધુ લાયક નેતા પાર્ટીનું સુકાન સંભાળી શકે. દિગ્ગીરાજાના હુલામણા નામે ઓળખાતા વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણી દિગ્વિજયસિંહે હવે રાહુલ ગાંધીએ પાર્ટીનું અધ્યક્ષપદ સંભાળી લેવું જોઇએ એવું સૂચન કર્યું. સોનિયા ગાંધી એમનાં 'મેન્ટર' બની રહે - એ જરૂરી છે, પરંતુ હવે એમણે પ્રમુખપદ છોડી દેવું જોઇએ. આવો મત ધરાવતા અન્ય નેતાઓ પણ હશે. માખનલાલ ફોતેદાર જેવા પરિવારના વફાદારને દિગ્વિજયસિંહનું આ નિવેદન ગમ્યું નથી. એમના અભિપ્રાય મુજબ આવી પડતી દશામાં આવાં વિધાનો કરવાનું ઉચિત નથી. આવા નેતાઓને હવે ઊભરો કે આફરો ઠાલવવાની તક મળી છે અને તેઓ એ તકનો ગેરફાયદો ઉઠાવી રહ્યા છે. કેટલાક પ્રિયંકા-પ્રશંસકો વળી મૈયાની બિમારી અને ભૈયાની નાકામયાબીના એક માત્ર રામબાણ ઇલાજ લેખે પ્રિયંકાને સુકાન સોંપવાની ઝુંબેશ ઉઠાવી રહ્યા છે. ગાંધી-નહેરૂ પરિવારની સુદીર્ઘ સેવા અને સત્તાને કારણે બાકીની કોંગ્રેસ નિર્જીવ બની ગઇ છે. શક્તિશાળી નેતાઓએ સ્વમાનભંગ થતા કોંગ્રેસ છોડી દીધી છે અથવા શરણાગતિ સ્વીકારીને પોતાની 'હેસિયત' મુજબ વર્તવા માંડ્યુ છે. પરિણામે કોંગ્રેસની જીવનશક્તિ હણાઇ ચૂકી છે. જિજીવિષા અને વિજિગીષા - જીવવાની અને જીતવાની ઇચ્છા જ મરી પરવારી હોય તો ઉપરથી ઇશ્વર ઉતરી આવે તો પણ ન બચાવી શકે. આ સંજોગોમાં સામે નરેન્દ્ર મોદી જેવા પ્રચંડ મહત્ત્વાકાંક્ષી નેતાએ 'કોંગ્રેસ મુક્ત ભારત' નો પદ્ધતિસરનો કાર્યક્રમ હાથ ધર્યો છે. ગુણવંત શાહ જેવા ઇન્દિરા-સોનિયા વિરોધી વિચારક પણ કોંગ્રેસ જીવતી રહેવી જોઇએ તેવો મત ધરાવે છે. કોંગ્રેસને જિતાડવાની જવાબદારી કોંગ્રેસની વિચારસરણીમાં શ્રદ્ધા ધરાવતા દેશના પ્રબુદ્ધ નાગરિકોની છે. હાલ કોંગ્રેસ પાસે એવું કોઇ જ સબળ વ્યક્તિત્વ નથી, જે એના નૈસર્ગિક ચારિત્ર્યબળથી કે કરિશ્માથી કોંગ્રેસની ડૂબતી કિશ્તીને કિનારે લાવી શકે. ફક્ત પ્રજાજનોનો સહિયારો પુરૂષાર્થ જ નવું યુવા નેતૃત્વ સર્જી કોંગ્રેસને પુનનિર્માણ કરીને રાખમાંથી બેઠા થતા ફિનિક્સ પંખીની જેમ આ ઉમદા પાર્ટીને બચાવી શકશે.

નિસર્ગ સેન્ટર ખાતે ત્રિદિવસીય મોડલ રોકેટરી વર્કશોપનો આરંભ

પ્રથમ દિવસે જિલ્લાની વિવિધ શાળાના ૫૫ વિદ્યાર્થીઓ જોડાયા

(તસવીર : દિપીલ પ્રજાપતિ)

ગાંધીનગર, તા. ૨

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ત્રિદિવસીય મોડેલ રોકેટરી વર્કશોપનો આજે શુભારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લાના વિદ્યાર્થીઓને પ્રથમ દિવસે સિંગલ સ્ટેજ સહિત વિવિધ રોકેટ બનાવતા શિખવાડવામાં આવ્યા હતા.

હાલના સમયમાં વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન મામાના ઘરે કે પછી રમતો રમવામાં સમય વેડફી નાખતા હોય છે. ત્યારે વેકેશનનો સમય વેડફાય નહિ તે માટે સેક્ટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દિવાળી વેકેશનમાં જિલ્લાના વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો છે.

વર્કશોપના સુપરવાઈઝર અને સંસ્થાના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ જણાવે છે કે અમે વિદ્યાર્થીઓને પ્રથમ દિવસે સિંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવતા શિખવાડીએ છીએ. આ વર્કશોપમાં જિલ્લાની અલગ-અલગ શાળાના ૫૫ વિદ્યાર્થીઓ જોડાયા છે.

સવારે ૯ વાગ્યાથી વર્કશોપની શરૂઆત થાય છે અને ૧૨ વાગ્યા સુધી ચાલે છે. વિદ્યાર્થીઓને ન આવડતી વસ્તુને તેની પાસે બેસી તે જે રીતે સમજે તે રીતે શિખવાડવામાં આવે છે. સાથે સાથે પેરાશુટની યાત્રિક રચના, કાર્ય પ્રણાલીની રજેરજની માહિતી આપવામાં આવે છે.

વર્કશોપના બીજા દિવસે વિદ્યાર્થીઓને ભારતીય વાયુ સેનાના જુદા જુદા ફાયટર પ્લેનની માહિતી આપવામાં આવશે અને કાર્ડ પેપરમાંથી મોડલ કેવી રીતે બનાવવુ તેની નિદર્શન કરાવવામાં આવશે.

ઝુંડાલ ગામની શાળાનો ચર્ચાસ્પદ કિસ્સો

એક જ ઓરડામાં ૧-૫ના વિદ્યાર્થીઓને ભણાવાય છે

ગામડાની શાળા હાલમાં ભાડાના મકાનમાં ચાલી રહી છે

અમદાવાદ, તા. ૨

સરકાર ભલે સર્વ શિક્ષણ અભિયાનની વાતો કરતી રહે પરંતુ અમદાવાદ નજીક આવેલ ઝુંડાલ ગામમાં આવેલી એક સરકારી પ્રાથમિક શાળાના બાળકો વર્ષોથી પોતાની શાળાની બિલ્ડિંગ માટે ઝંખના સેવી રહ્યા છે. અમદાવાદ શહેર નજીક આવેલી હોવા છતાં આ ગામની શાળા અત્યારે ભાડાના મકાનમાં ચાલી રહી છે.

પ્રાપ્ત થયેલી માહિતી મુજબ અમદાવાદ નજીક ઝુંડાલ ગામના ૨૦ ઓગસ્ટ ૨૦૦૩ના રોજ સરાકરી શાળાની સ્થાપના કરવામાં આળી હતી. એ સમયે આ શાળા ગામના મંદિરના ઓટલા પર ચાલતી હતી. ત્યારબાદ આ શાળાને ત્યંથી ખસેડીને મંદિરની બાજુમાં આવેલા એક મકાનના ધાબા પર બાંધેલા ઓરડાઓ પર ભાડુ ચુકવીને ચલાવવામાં આવે છે. આ શાળામાં અત્યારે ૪૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે પરંતુ નવાઈની વાત એ છે કે, આ શાળામાં ધોરણ ૧થી પાંચના બાળકો એક જ વર્ગખંડમાં બેસીને અભ્યાસ કરી રહ્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ શાળાને પોતાનું સરકારી બિલ્ડિંગ મળી રહે તે માટે અનેક વખત રજૂઆત કરવામાં આવી છે તેમ છથાં સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આળી નથી. વળી આ સ્કુલની બાજુમાંથી જ અમદાવાદ ફરતેનો રિંગરોડ પસાર થતો હોવાથી ાલીઓને પણ બાળકોના અકસ્માતનો ભય રહે છે. વળી ગામમાં જ આ સ્કુલ માટે સરકારી મકાન અને તે માટે જમીનની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ જે જમીન ફળવાઈ હતી ત્યાં અત્યારે અન્ય કોઇ બિલ્ડિંગ બની ગઇ છે. ગામના લોકોની તો માત્ર એટલી જ ઇચ્છા છે કે તેમના બાળકોને ઉજ્જવળ ભવિષ્ય મળે તે માટે શાળાને બિલ્ડિંગની ફાળવણી કરવામાં આવે. કારણ કે ધોરણ ૧થી પના બાળકો એક જ ઓરડામાં બેસીને ભણતા હોવાથી તેઓના અભ્યાસ પર ધ્યાન આપી શકાય તેમ નથી. એટલું જ નહીં શાળાના આચાર્ય કે શિક્ષકોને બેસવા માટે પણ કેબિનની વ્યવસ્થા નથી. શાળાના બાળકો જણાવે છે કે, પહેલા તો શાળા મંદિરના ઓટલા પર નાખતી હતી. હવે અમે સૌ કોઇ ધાબા ઉપર મકાનમાં ભણીએ છીએ. શાળામાં સવારે ૧૧ વાગે આવીને ભણી મસ્તી કરીને સાંજે પાંચ વાગે ઘરે જઇએ છીએ.

હરિની દૃષ્ટિ...

સાહેબ રીપોર્ટ એવું કહે છે કે..., ભારતની મહિલાઓનું સરેરાશ વજન વધતું જાય છે એટલે, સાબિત થાય છે કે સ્વચ્છતા મિશનમાં પુરુષો રસ લે છે...!!

પીએચ.ડી. પદવી મેળવી

પી.કે. ચૌધરી કોલેજના પ્રાધ્યાપક હેમાંગીનીબા વાઘેલાએ ડૉ. લીનાબેન સ્વામીના માર્ગદર્શન હેઠળ 'અ સ્ટડી ઓફ ધ અક્ષયપાત્ર સ્કીમ ઈન ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ' વિષય પર સંશોધન કરી યુજીસી માન્ય સિંયાનીયા યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી પદવી એનાયત કરી છે.

આચાર્ય ભરતી પરીક્ષા ૨૦ ડિસેમ્બરે યોજવાનો નિર્ણય

અમદાવાદ, તા. ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં ખાલી પટેલ શિક્ષકો અને આચાર્યોની ભરતી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત આચાર્યની ભરતી કરવાની ટાટની પરીક્ષા ૨૦મી ડિસેમ્બરે લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંગેનો સત્તાવાર કાર્યક્રમ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ગુજરાત શિક્ષકો અને આચાર્યોની ભરતી કરવા માટે ટેટ અને ટાટની પરીક્ષા ફરજિયાત બનાવવામાં આવી છે ટાટની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોને આચાર્ય તરીકે ભરતી કરવામાં આવે છે.

ટાટની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોને જ આચાર્ય તરીકે ભરતી કરવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૦મી ડિસેમ્બરના રોજ આ ટાટની પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા ૨૦મી ડિસેમ્બરે રાજ્યના નક્કી કરેલા કેન્દ્રો પરથી લેવામાં આવશે જેનો સત્તાવાર કાર્યક્રમ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાજ્યની સરકારી પ્રાથમિક શાળામાં ૪૦ ટકા જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. એટલું જ નહીં અનેક શાળાઓ પણ કાયમી શિક્ષકના અભાવમાં જ ચાલી રહી છે. જેનાથી બાળકોના શિક્ષણ ઉપર માઠી અસર પડી રહી હોવાનો સ્વિકાર ખુદ રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસંહ ચુડાસમા કરી ચુક્યા છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકો-આચાર્યની ભરતીની કવાયત હાથ ધરવામાં આવનાર છે. આગામી ૧૦મી નવેમ્બરથી રાજ્યમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે બીજા શૈક્ષણિક સત્રમાં રાજ્યમાં ખાલી પડેલ આચાર્યોની બેઠકો ભરવા માટે કવાયત હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

સીએસની પરીક્ષા પદ્ધતિમાં ફેરબદલ કરાતા ભારે ચર્ચા

અમદાવાદ, તા. ૨

ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા સીએસ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આઈસીએસઆઈ દ્વારા ડિસેમ્બર ૨૦૧૪માં ઓએમઆર પર આધારિત પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેથી આગામી મહિના અંતમાં પરીક્ષા લેવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા સીએસ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામની પરીક્ષા ડિસેમ્બરમાં લેવાનો નિર્ણય કર્યો છે. જોકે, આ વખતે આઈસીએસઆઈ દ્વારા પરીક્ષા પદ્ધતિમાં મુજબ હવે ઓએમઆર બેઈઝ્ડ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં ત્રણ પેપર લેવામાં આવશે. પેપરમાં કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ, એકાઉન્ટિંગ, ટેક્સ લો એન્ડ પ્રેક્ટિસ તેમજ ઈન્ડસ્ટ્રિયલ લેબર જનરલ લોના રહેશે. આ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ત્રણ કલાકમાં ૧૦૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે દરેક પ્રશ્નમાં જવાબ બદલ ઉમેદવારોને એક માર્ક્સ આપવામાં આવશે. આ સાથે જ પરીક્ષામાં નેગેટિવ માર્કિંગ પદ્ધતિ રદ કરી દેવામાં આવી છે. એટલે કે હવે વિદ્યાર્થીઓ જ્યારે પ્રશ્નોનો જવાબ ખોટા આપશે ત્યારે તેના માર્ક્સ વિદ્યાર્થીને આપવામાં આવશે નહીં પરંતુ તે બદલ વિદ્યાર્થીઓમાં સાચા સવાલોના માર્ક્સ કાપવામાં આવશે નહીં.

તુલસી અને વિષ્ણુના વિવાહનાં પુણ્યસ્મરણનો દિવસ છે, એક નારી અને એક દેવપુરૂષનો, બે જન્મોમાંથી પસાર થઇને વિવાહમાં પરિણમતી માનવીય સંવેદનાથી હરીભરી, તદ્દન વિલક્ષણ ઘટનાનાં પુણ્યસ્મરણનો આ દિવસ છે

આજનો દિવસ તુલસી અને વિષ્ણુના વિવાહનાં પુણ્યસ્મરણનો દિવસ છે. એક નારી અને એક દેવપુરૂષનો, બે જન્મોમાંથી પસાર થઇને વિવાહમાં પરિણમતી માનવીય સંવેદનાથી હરીભરી, તદ્દન વિલક્ષણ ઘટનાનાં પુણ્યસ્મરણનો આ દિવસ છે.

મહારાજ ધર્મધ્વજ અને મહારાણી માધવીને એક રાજકન્યા હતી, તેનું નામ વૃન્દા હતું. પૂર્વજન્મમાં તે ગોલોકમાં રાધાની પ્રિય સખી હતી. વૃન્દા સૌંદર્યમાં તો અનુપમ હતી જ, પણ સદ્‌ગુણોમાં પણ અપ્રતીમ હતી. લોકો કહેતાં આ 'તુલસી' છે. એની તુલના કોઇ બીજા સાથે કરવાનો પ્રયત્ન કર્યો હોય, તો તે પ્રયત્ન જ શમી જાય! મહર્ષિ નારદ પણ એને પ્રણામ કરવાનું પસંદ કરતા;

'નારત નુતા' હતી.

વૃન્દાને પતિસ્વરૂપે વિષ્ણુને વરવાનો સંકલ્પ જાગ્યો. તેણે બદરિવનમાં તપશ્ચર્યા આરંભી. આ તપશ્ચર્યા ઉગ્ર બની એટલે વિષ્ણુ પ્રગટ થયા. હવે તે 'હરિપ્રિયા' બની ગઇ. વિષ્ણુએ પ્રસન્ન થઇને કહ્યું કે 'તું મને પ્રિય છો, વરદાન માગી લે' વૃન્દાએ પોતાનો સંકલ્પ જણાવ્યો; ત્યારે વિષ્ણુએ કહ્યું, 'આ જન્મમાં તારે માટે શિવભક્ત અસુર રાજકુમાર જાલંધર નિશ્ચિત થયેલો છે, પણ આવતે જન્મે આપણો વિવાહ થશે.' વૃન્દા અકળાઇ ગઇ અને રોષમાં શાપ આપી બેઠી કે 'તમારું પથ્થરમાં રૂપાંતર થઇ જશે.' વિષ્ણુએ કહ્યું કે, 'તારા શાપને હું માથે ચડાવું છું. તું પણ વનમાં વનસ્પતિ થઇ જઇશ. તેમ છતાં આપણે જરૂર પરણશું. એ સમયે તું લક્ષ્મીની જેમ જ મારી પ્રીતિપાત્ર રહીશ.' વૃન્દાનાં લગ્ન જાલંધર સાથે થયા. પરંતુ તેના ઉપદ્રવ અને ત્રાસ વધતા ગયા; એટલે લોકકલ્યાણ અર્થે વિષ્ણુને જાલંધર કપટવધ કરવો પડ્યો.

જેવી રીતે શિવની પ્રસ્તરમૂર્તિ શિવલિંગ છે, તેમ વિષ્ણુની શાલિગ્રામ થઇ. આ માટે વિષ્ણુએ ગંડકી નદી પસંદ કરી અને શાલિગ્રામનાં સ્વરૂપનમાં ત્યાં પથરાયા. કારણ કે ગંડકાનદીનો પ્રાદુર્ભાવ વૃન્દાને કારણે થયો હતો.

એ વખતે સમુદ્રમંથન થયું હતું; એમાંથી અમૃતનો કુંભ નીકળ્યો. અમૃતકુંભમાંથી પૃથ્વી ઉપર જયાં જયાં છાટાં પડ્યા; ત્યાં ત્યાં તુલસી પ્રગટ થઇ. ગોકુલ પાસે સૌથી વધુ પડ્યાં, એ તુલસીવન વૃન્દાવન તરીકે ઓળખાયુ.

કારતક સુદ અગિયારસે વિવાહવિધિ સંપન્ન થયો. શેરડીના સાંઠાથી મંડપ બન્યો. સિંહાસન પર શાલિગ્રામ અને સામે તુલસી બિરાજ્યા. ત્યારથી પ્રતિવર્ષ આ દિવસે તુલસીવિવાસ ઉજવાય છે. શાલિગ્રામની જગ્યાએ કોઇવાર બાલકૃષ્ણની પ્રતિમા પણ હોય છે. જે દંપતીને પોતાને પુત્રી ન હોય; તેઓ પણ તુલસીવિવાહ ઊજવે છે અને

॥ અથ શ્રી તુલસી માહાત્મ્યમ્ ॥
પ્રસંગસર : તુલસી વિવાહ
- રશ્મિકાન્ત મહેતા

કન્યાદાનનું ફળ મેળવે છે.

કુમાર કાર્તિકેયને તારકાસુરનો વધ કરવાનો હતો. એના માટે મહાદેવે 'તુલસીકવચ' સ્તોત્રની રચના કરી; કુમારને સંભળાવ્યું અને કહ્યું, 'તુલસીને મનમાં રાખજે, આ સ્તોત્રનો પાઠ કરજે. ચોક્કસ તું તારકાસુરને હણી શકીશ.' આ કવચ સૌ કોઇને માટે છે : જેમ કે ગૃહસ્થી, પ્રાતઃકાળે સૌમ્ય કિરણોમાં હાથ જોડીને આનો પાઠ કરે, તો એના ધર્મ-અર્થ-કામ ફળે છે. આ તુલસીકવચનો સમાવેશ બ્રહ્માંડપુરાણમાં થયેલો છે.

ઋષિ જૈમિનીનાં 'અશ્વમેધપર્ણ'માં નારદ-અર્જુન સંવાદ છે. નારદ અર્જુનને કહે છે - 'જેમ વિષ્ણુનું ચરણામૃત પાપનાશક છે; તેની જેમ તુલસીદર્શન પણ પાપનાશક છે. તેનાં માંજરમાં કેશવનો નિત્યવાસ છે. છેવટે ખરી પડેલા તુલસીપત્રથી પણ શ્રીકૃષ્ણનું પૂજન કરવું.'

'દેવીભાગવત' માં તુલસીનો અર્થ આપ્યો છે - 'વેદો કહે છે કે તુલસીની તુલના પુષ્પોમાં કોઇની સાથે થઇ શકે તેમ નથી. બધી વનસ્પતિઓમાં તેનું રૂપ સૌથી વધુ પવિત્ર છે - તેથી તે 'તુલસી' કહેવાય છે.' વનસ્પતિમાં તુલસીનો સમાવેશ પુષ્પવર્ગમાં છે; કારણ કે તેમાં મંજરીઓ વધુ આવે છે.

ઋષિ પુંડરીકનું તુલસીસ્તોત્ર છે. પુંડરીક આમાં તુલસીનાં સોળ નામો ગણાવે છે : (૧) તુલસી (૨) મહાલક્ષ્મી (૩) વિદ્યા (૪) અવિદ્યા (૫) યશસ્વિની (૬) ધર્મ્યા (૭) ધર્મ્યનિના (૮) દેવી મનઃપ્રિયા (૯) લક્ષ્મી પ્રિયસખી (૧૦) ધૌ (૧૧) ભૂમિ (૧૨) અચલા (૧૩) ચલા (૧૪) શ્રી (૧૫) દેવમનઃપ્રિયા (૧૬) દેવી.

કોઇ અજ્ઞાત કવિ તુલસીને સંબોધીને લખાયેલા પોતાનાં સ્તોત્રમાં કહે છે - 'પ્રસ્થાન સમયે જે કોઇ તુલસીને સીતા-રામ-લક્ષ્મણ સાથે યાદ કરે છે; તે પોતાનું કાર્ય પાર પાડીને પાછો ફરે છે.'

યન્મૂલે સર્વતીર્થાનિ યન્મધ્યે સર્વદેવતાઃ ।
યદગ્રે સર્વવેદાશ્ચ તુલસિ! ત્વાં નમામ્યહમ્ ॥

'હે તુલસી, તારા મૂળ પાસે બધાં તીર્થો છે, તારા મધ્યભાગે સૌ દેવો છે, તારા ઉપરનાં ભાગે બધા વેદો છે તુલસી! તને મારા પ્રણામ.'

તુલસીનાં નામો એની વિશેષતા પ્રગટ કરે છે :

(૧) સુરસા - એનો રસ ગુણકારી છે.

(૨) ગ્રામ્યા - દરેક ગામે મળી આવે.

(૩) સુલભા - આસાનીથી મળી રહે.

(૪) બહુમંજરી - કોઇવાર પત્ર કરતાં મંજરી વધુ હોય

(૫) અપેતરાક્ષસી - રાક્ષસ જેવા ત્રાસજનક રોગને દૂર રાખે છે.

(૬) શૂલઘ્ની - રોગની પીડાને હણી નાંખે

(૭) દેવદુંદુભિ - દેવોને પણ દુંદુભિના અવાજની જેમ આનંદ આપે

(૮) પુણ્યા - પવિત્ર

(૯) વૈષ્ણવી - વિષ્ણુને વધુ પ્રિય.

(૧૦) સુગંધા

(૧૧) અમૃતા

(૧૨) સુરવલ્લરી - દૈવી છોડ.

આજના મંગલપર્વે - પુરૂષોત્તમ અને કલ્યાણીનાં જેવું સાયુજ્ય સૌ કોઇમાં પ્રસરતું રહે; એવી શુભકામનાં.

સંદર્ભ :

(૧) વ્રતકથાઓ - મૃણાલ

(૨) તુલસી - ડો. ઉપેન્દ્રરાય સાંડેસરા

(૩) દેવપ્રબોધિની એકાદશી (લેખ) - ચીમનલાલ બેંકર

(૪) બૃહત્‌સ્તોત્ર રત્નાકર

(૫) પૌરાણિકોશ - રાણાપ્રસાદ શર્મા

(૬) પૌરાણિકોશ - બંસીધર શુક્લ